For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ભાજપનો આંતરિક જૂથવાદ સામાન્ય સભામાં પરાકાષ્ઠાએ પહોંચ્યો

# મેયર, ડે. મેયર અને અન્ય પદાધિકારીઓ એક તરફ, ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રી એકલા!

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરામાં ભાજપના આંતરિક જૂથવાદની એક વધુ ઘટના સામે આવી છે. સુભાનપુરામાં ટીપી સ્કીમ નં. 2 ની જમીનમાં મેડિકલ સેન્ટર બનાવવાની મંજૂરી મુદ્દે પાલિકા સભામાં મતભેદ જોવા મળ્યો. પાલિકા ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રી અને શાસક પક્ષના નેતા મનોજ પટેલ વચ્ચે તીવ્ર બોલાચાલી થઈ. વાદ-વિવાદ એટલો ઉગ્ર હતો કે મેયર પણ મામલે સામેલ થયા અને આખરે ઠરાવ મુલતવી રાખવામાં આવ્યો. શાસક પક્ષના નેતા મનોજ પટેલ મેડિકલ સેન્ટર માટે મંજૂરી આપવા આગ્રહી હતા, જ્યારે ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રીએ આ નિર્ણય મુલતવી રાખવા આગ્રહ કર્યો. આ કારણે સભામાં મતભેદ સર્જાયો. મેયર, ડે. મેયર અને અન્ય શાસક પક્ષના નેતાઓએ પણ ચેરમેનના વિરોધ છતાં ઠરાવ મુલતવી રાખ્યો, જેના કારણે ડૉ. શીતલ મિસ્ત્રી સભામાં જ ઉગ્ર બની ગયા. તેમણે મેયર અને નેતા સામે તીખા પ્રહારો કરતાં કહ્યું, "મને વિશ્વાસમાં લીધા વિના ઠરાવ કરવામાં આવે છે, તમે સ્થાયી સમિતિના ઠરાવને કેવી રીતે બદલી શકો?" આ પર મનોજ પટેલે જવાબ આપતાં કહ્યું કે, "પાર્ટી જે નક્કી કરશે તે જ થશે."



### વિશ્વામિત્રી પ્રોજેક્ટની સમીક્ષાની મુલાકાતમાં પણ જૂથવાદ સ્પષ્ટ

બુધવારે સવારે મેયર, ડે. મેયર અને શાસક પક્ષના નેતાઓ વિશ્વામિત્રી પ્રોજેક્ટની સમીક્ષા માટે મંગલ પાંડે બ્રિજ ખાતે ગયા હતા. ત્યાં પણ જૂથવાદ ખુલ્લેઆમ જોવા મળ્યો. મેયર, ડે. મેયર, દંડક અને અન્ય નેતાઓ એક તરફ રહ્યા અને ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી એકલા પડી ગયા. વિવાદ વધુ તીવ્ર બન્યો, જ્યારે મેયર ત્યાં પહોંચ્યા ત્યારે ચેરમેન અને મ્યુનિસિપલ કમિશ્નર દિલીપ રાણા સ્થળ પરથી નીકળી ગયા હતા. જોકે, ડો. શીતલ મિસ્ત્રીએ આ દાવાને નકારી દીધો અને કહ્યું કે, "મેયર આવ્યા પછી પણ હું 20 મિનિટ સુધી ત્યાં જ હાજર હતો."

### પૂર્વનિર્ધારિત ખેલમાં ચેરમેન ફસાયા !

આધારભૂત સૂત્રો મુજબ, સામાન્ય સભા યોજાયા પહેલાં જ નક્કી કરી દેવાયું હતું કે કયા કામોને મંજૂરી આપવી અને કયા કામોમાં વિરોધ નોંધાવવો. ખાસ તો, આ સમગ્ર પ્રક્રિયામાં ચેરમેનને દૂર રાખવામાં આવ્યા હતા.

### વોર્ડ ૪, ૭ અને ૧૧માં સ્મશાનની પરિસ્થિતિ દયનીય

# વડોદરામાં સ્મશાન વ્યવસ્થા મુદ્દે શાસક-વિપક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં સ્મશાન વ્યવસ્થાને લઈને આજની સામાન્ય સભામાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ગરમાગરમ ચર્ચા થઈ. સત્તા પક્ષના કોર્પોરેટર મનીષ પગારે શહેરમાં ચાલી રહેલા સ્મશાન વિકાસ અને લાકડાની ખર્ચલાયક વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે વિશ્વામિત્રી નદીમાં જંગલ કટિંગ દરમિયાન નીકળતા લાકડાની ફ્રીમાં વિતરણની સામે, સ્મશાન માટે મોટા પ્રમાણમાં ખર્ચ થતો હોવાની ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, "આપણે નદીમાંથી ફ્રીમાં લાકડા આપી રહ્યા છીએ, પણ સ્મશાન માટે પૈસા ખર્ચી રહ્યા છીએ. જો પૂર્વ સાંસદ 15 કરોડ લાવી શકે અને હું સામાન્ય કોર્પોરેટર હોવા છતાં 50 લાખ લાવી શકું, તો પછી સ્મશાન પાછળ 10 કરોડનો ખર્ચ કેમ? અનેક સામાજિક સંસ્થાઓ સ્મશાન માટે ફંડ આપી શકે અને લાકડા પણ આપી શકે છે, તો આપણે આ ખર્ચનો વ્યય કેમ કરી રહ્યા છીએ?" તેમણે તંત્ર અને આરોગ્ય અધિકારીઓ પર પણ આકરા પ્રહારો કરતા કહ્યું કે "હયાત સ્મશાનોની પરિસ્થિતિ ચકાસવા કોઈ જતું નથી. આરોગ્ય અમલદારો યોગ્ય જવાબ નથી આપતા. જો કોઈ ઈજારદાર રાખશો તો જે સેવાભાવી સંસ્થાઓ મફતમાં સેવા આપે છે, તેમની શું સ્થિતિ રહેશે?"

ભાજપના કોર્પોરેટર શ્રીરંગ આયરે પણ શહેરના વિવિધ વોર્ડમાં સ્મશાન વ્યવસ્થા દયનીય હોવાની વાત રજુ કરી. "સેવાસી અને ઉંડેરા જેવા વિસ્તારોમાં કોઈ મુલાકાત લેવા નથી આવતું. ત્યાં કોઈપણ યોગ્ય વ્યવસ્થા નથી. ચિતાની પણ સુવિધા નથી. સેવાસી સ્મશાનની ચારેય બાજુ કમ્પાઉન્ડ વોલ પણ નથી, જ્યારે ઉંડેરા સ્મશાનમાં તો દારૂના અડ્ડા ચાલે છે."

સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રીએ હકીકત સ્વીકારી કે શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી સ્મશાન વ્યવસ્થાને લઈને અનેક ફરિયાદો મળી રહી હતી. "લોકોને અંતિમ વિધિ માટે લાંબા સમય સુધી રાહ જોવી ન પડે, એ માટે દરેક સ્મશાનમાં સ્ટાફ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રજાના ટેક્સના પૈસા છે, પણ તે પ્રજાના હિત માટે જ વપરાઈ રહ્યા છે." શાસક પક્ષના નેતા મનોજ પટેલે પણ મનીષ પગારની વાત સાથે સહમતી દર્શાવી. "જે સ્મશાનો સામાજિક સંસ્થાઓ દ્વારા સંચાલિત છે, ત્યાં જરૂરિયાત મુજબ કર્મચારી આપવો જોઈએ. ખોટા ખર્ચા ટાળવા માટે અમુક સ્મશાનનું સંચાલન સંપૂર્ણપણે સેવાભાવી સંસ્થાઓને સોંપી દેવું જોઈએ." આ વાતમાં સમર્થન કરતા નિલેશ રાઠોડ અને નીતિન દોંગાએ પણ "જેઓ સ્મશાન સંચાલન કરવા માંગે છે, તેમને જવાબદારી સોંપવામાં આવે."

### વિપક્ષે કોર્પોરેશનની નીતિ પર સવાલો ઉઠાવ્યા

વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે પણ તીવ્ર પ્રતિક્રિયા આપતા કહ્યું કે "સ્મશાન માટે ટેન્ડર પોલિસી શું નફા-નુકસાનની પેઢી છે? શહેરમાં અંતિમ વિધિ માટે કોઈ માન-સન્માન ન જળવાય? આરોગ્ય અમલદારો ક્યારેય સ્મશાનમાં ગયા છે?" તેમણે ટેન્ડર અને ખાનગી સંચાલન અંગે શંકા વ્યક્ત કરતાં કહ્યું કે "આંતિમવિધિનું પણ જો કોન્ટ્રાક્ટ આપી દેવાશે, તો પછી કોર્પોરેશનની પ્રજાલક્ષી નીતિ ક્યાં ગઇ? શહેરમાં સ્મશાનોમાં લોકો કલાકો સુધી રાહ જોતા હોય છે, તે વાત શાસક પક્ષ પણ સ્વીકારી રહ્યું છે."

# વ્યવસાય વેરા મુદ્દે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે તકરાર

વડોદરામાં વેપારી અને નાના ઉદ્યોગકારોને લગતા વ્યવસાય વેરા મુદ્દે રાજકીય ઘમાસાણ સર્જાયું હતું. કોંગ્રેસ કોર્પોરેટર પુષ્પા વાઘેલાએ પાલિકાના વ્યવસાય વેરા પર સવાલ ઉઠાવતા જણાવ્યું કે, "એક બાજુ સરકાર પીએમ સ્વનિધિ યોજના હેઠળ નાના વેપારીઓને ધંધો શરૂ કરવા માટે લોન આપે છે, તો બીજી બાજુ મહાનગર પાલિકા દ્વારા ઉંચા દરે વ્યવસાય વેરો વસૂલવામાં આવે છે. જેનાથી નાના વેપારીઓ માટે જીવવું પણ મુશ્કેલ થઈ જાય છે." પુષ્પા વાઘેલાએ જણાવ્યું કે, "માત્ર બુટ પોલિશ કરનાર પાસે પણ વર્ષમાં રૂ.12,000 વ્યવસાય વેરો વસૂલવામાં આવે છે. જો આટલો ભારે વેરો ભરવો પડે તો નાના વેપારીઓ કેવી રીતે ટકી શકશે?" કોંગ્રેસના આ આક્ષેપોનો જવાબ આપતા ડૉ. શીતલ મિસ્ત્રીએ કહ્યું કે, "આ વ્યવસાય વેરો વર્ષોથી ચાલી આવતી પદ્ધતિ મુજબ જ વસૂલવામાં આવે છે. ભાજપ સરકાર ગરીબોની સરકાર છે અને નાના વેપારીઓ માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે." શાસક પક્ષના નેતા મનોજ પટેલે વધુમાં કહ્યું કે, "આ મુદ્દા પર બજેટ બેઠકમાં અગાઉ જ ચર્ચા થઈ ચૂકી છે. છતાં કોંગ્રેસ એક જ મુદ્દાને ઘસી રહી છે, જેનાથી સભાનો સમય વેડફાઈ રહ્યો છે."

### મ્યુ.કમિશનર સાથે ગેરવર્તન કરનાર ભાજપના કોર્પોરેટરને શો-કોઝ નોટિસ

મ્યુનિસિપલ કોર્પોશનની સામાન્ય સભામાં મ્યુનિસિપલ કમિશનર સાથે ગેરવર્તન કરનાર ભાજપના કોર્પોરેટર આશિષ જોશી વિરુદ્ધ પક્ષે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરી છે. ભાજપે તેમને શો-કોઝ નોટિસ આપીને ત્રણ દિવસમાં જવાબ આપવા સૂચના આપી છે. જો તેઓ સંતોષકારક જવાબ નહીં આપે તો વધુ કડક પગલાં ભરવાની શક્યતા છે. આ મામલે ભાજપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે, "પક્ષ શિસ્તથી ચાલે છે. જો કોઈ કાર્યકર કે કોર્પોરેટર શિસ્તભંગ કરે છે, તો તેની સામે યોગ્ય કાર્યવાહી થશે." તેઓએ સ્પષ્ટ કર્યું કે પક્ષ મ્યુનિસિપલ કમિશનર કે કોઈપણ પ્રશાસનિક અધિકારી સાથે અયોગ્ય વર્તન સહન કરશે નહીં. આશિષ જોશી આગામી ત્રણ દિવસમાં પાર્ટીને જવાબ આપશે. જો જવાબ સંતોષકારક નહીં હોય, તો ભાજપ તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરી શકે છે.



વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના વિશ્વામિત્રી નદીને પહોળી કરવા માટેની કામગીરીનું મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ સહિત અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### પેન ડાઉન : શિસ્ત જાળવવાનો પ્રયાસ કે રાજકીય દબાણની રમત?

વડોદરામાં મહાનાળાની સફાઇ મુદ્દે શહેરના અધિકારીઓ અને કોર્પોરેટર વચ્ચે ઉગ્ર વિવાદ સર્જાયો છે. ભાજપના કોર્પોરેટર આશિષ જોષી દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવ્યા બાદ બીજા જ દિવસે મશીનરી અને પંપ સાથે મહાનાળાની સફાઇ શરૂ થઇ હતી. પાલિકા અધિકારીઓએ તાજેતરમાં પેન ડાઉન હડતાળની ચીમકી ઉચ્ચારી હતી, જેની પાછળનો ખરો હેતુ હવે ચર્ચાનો વિષય બની ગયો છે. આ પ્રથમ વખત નથી જ્યારે ભાજપના કોર્પોરેટરોને અધિકારીઓ સાંભળતા નથી તેવા આક્ષેપો કરવામાં આવ્યા હોય. અગાઉ બજેટ સભા અને અન્ય ચર્ચાઓ દરમિયાન પણ આવા સંજોગો સર્જાયા છે. સત્તાધારી પક્ષના કોર્પોરેટરોને અવગણવાના આક્ષેપો સાથે હવે પ્રશ્ન એ ઉદ્ભવ્યો છે કે, પાલિકા અધિકારીઓ દ્વારા પેન ડાઉન જેવી ધમકીઓ માત્ર શિસ્ત જાળવી રાખવા માટે છે કે પછી તેઓ આ દ્વારા રાજકીય દબાણ ઊભું કરી રહ્યા છે? જો પ્રશાસનના કર્મચારીઓ કાઉન્સિલરોની રજૂઆતોને અવગણે અને માત્ર વિરોધ બાદ જ કામ શરૂ કરે, તો તે નગરવાસીઓ માટે નુકસાનકારક પુરવાર થઇ શકે.

### કારેલીબાગમાં ઓવરસ્પીડ ગાડી ચલાવી મહિલાનું મોત નીપજાવ્યું હતું

# રક્ષિત ચોરસિયાને જડબાના ઓપરેશન કરાયા બાદ એસએસજીમાં રજા અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા 26

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં નશામાં ચકનાચૂર બનીને ગાડી ઓવર સ્પીડમાં ચલાવી ત્રણ વાહનોને અડફેટે લઈ એક મહિલાનું મોત તથા અન્ય સાત લોકોને હોસ્પિટલમાં પથારીએ મોકલનાર રક્ષિત ચોરસિયાને જેલમાં ધકેલાયો હતો. ઘટના સમયે રોસે ભરાયેલા ટોળાએ રક્ષિતને બરાબરનો મેથીપાક ચખાડ્યો હોય જેમાં તેને જડબાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેથી તેને એસએસજીમાં સારવાર માટે લવાતા તબીબોએ જડબામાં ફ્રેક્ચર થયું હોવાનું જણાવ્યું હતું. આજે તેને સેન્ટ્રલ જેલમાંથી પોલીસ જાપ્તા સાથે એસએસજી હોસ્પિટલમાં જડબાના ઓપરેશન માટે સર્જરી વિભાગ ઓપરેશન કરવામાં આવ્યું હતું.



વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં અકસ્માત કરીને આઠ લોકોને ઉડાવનાર રક્ષિત રવિશ ચોરસીયાને હોળીના તહેવારની રાત્રિના સમયે રોષે ભરાયેલા લોકોએ મેથીપાક ચખાડ્યો હતો. જેમાં તેને ઈજાઓ પહોંચતા એસએસજી હોસ્પિટલમાં સારવાર કરાવવામાં આવી હતી. દરમિયાન રિમાન્ડ પુરા થયા બાદ રક્ષિત ચોરાસીયા ને સેન્ટ્રલ જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. પરંતુ તાજેતરમાં જ તેને એસએસસી હોસ્પિટલમાં સર્જરી ડિપાર્ટમેન્ટમાં સારવાર માટે લવાયો હતો ત્યારે મેડિકલ ચેકઅપ બાદ તબીબોએ રક્ષિતના જડબામાં ફ્રેક્ચર થયું હોય સર્જરી કરવા માટે જણાવ્યું હતું. દરમિયાન તેને આજે બુધવારે પોલીસના જાપ્તા સાથે સેન્ટ્રલ જેલમાંથી ઓપરેશન માટે એસએસજી હોસ્પિટલમાં પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઓપરેશન થયા બાદ રક્ષિત ચોરસિયાને રજા અપાઈ હતી. રક્ષિત કાંડના આ ગુનામાં પોલીસે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા પરંતુ પોલીસ દ્વારા આરોપીએ ઘટના સમયે જે રીતે નિકિતા મેરી અને અનધર રાઉન્ડની બુમો પાડી હતી. તેનો ભેદ ઉકેલવા માટે પોલીસે તેના રિમાન્ડ મેળવ્યા હતા પરંતુ નિકિતા કે અનધર રાઉન્ડનો કોઈ ભેદ ઉકેલાયો ન હતો.

### માતા પિતા સવારે નોકરી પર ગયા ત્યારે વિદ્યાર્થીએ હોલમાં જ પગલુ ભર્યું

# નવાયાર્ડમાં રહેતા નર્સિંગના વિદ્યાર્થીનો બીમારીથી કંટાળી ફાંસો ખાંઈ આપઘાત

**વિદ્યાર્થીએ** લખેલી સ્યુસાઇડ નોટ કબજે કર્યાં પોલીસે લાશને પીએમ માટે ખસેડી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

નવાયાર્ડ વિસ્તારમાં રહેતા નર્સિંગના વિદ્યાર્થીએ બીમારીથી કંટાળી ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. માતા પિતા નોકરી પર ગયા હતા તે દરમિયાન ઘરમાં એકલો હોય અંતિમ પગલુ ભર્યું હતું. ફતેગંજ પોલીસે ઘટના સ્થળ પર પહોંચી તપાસ કરતા એક સ્યુસાઇડ નોટ પણ મળી આવી હતી. જે કબજે કર્યાં બાદ લાશને પોલીસે પીએમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલી પાવનપાર્ક સોસાયટીમાં સુનિલભાઇ ડાભી જે શિક્ષક હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે તેમનો પુત્ર શ્રેય ડાભી ગોરવા વિસ્તારમાં આવેલા મેડિકલ ઈન્સ્ટિટ્યુટમાં નર્સિંગમાં અભ્યાસ કરતો હતો. શ્રેય છેલ્લા ઘણા મહિનાઓ કોઇ બીમારીથી પાડાતો હતો તેની સારવાર ચાલી જ હતી. દરમિયાન 26 માર્ચના રોજ માતા અને પિતા નોકરી પર ગયા હતા. તે દરમિયાન સવારે 9થી 12 વાગ્યાના અરસામાં શ્રેય ડાભી ઘરમાં એકલો હતો. છેલ્લા ઘણા મહિનાઓથી બીમારીથી પીડાતો હોય યુવક ઘણો પરેશાન થઇ ગયો હતો. ત્યારે તેણે બીમારીમાંથી કાયમી છુટકારો મેળવવા માટે પોતાનુ જીવન ટુકાવી લેવાનું નક્કી કર્યું હતું. આખરે ઘરના હોલમાં ગળે ફાંસો ખાઇના આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઇ હતી. માતા પિતા ઘરે આવ્યા હતા ત્યારે તેઓ પણ પોતાના પુત્રને તેમને આપઘાત કરી હાલતમાં જોઇને તેમના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. માતાએ પણ હૈયાફાટ રૂદન કર્યું હતું. જેથી ઘટના અંગે તેઓએ પોલીસને જાણ કરી હતી. જેથી ફતેગંજ પોલીસ તાત્કાલિક પાવનપાર્ક સોસાયટીમા દોડી આવી હતી અને આપઘાત કરનાર વિદ્યાર્થીની લાશને નીચે ઉતાર્યા બાદ તેની ઝડતી તથા ઘરમાં તપાસ કરી હતી ત્યારે પોલીસને એક સ્યુસાઇનોટ મળી આવી હતી. જેમાં તેણે લખ્યુ હતુ કે મમ્મી પપ્પા તમે મારા આપઘાત માટે કોઇને દોશ આપતા નહી કે તમે પણ કાઇ રિગ્રેટ નહી કરતા કે તમે મારા માટે કશુ જ નથી કર્યું, તમે ઘણુ બધુ મારા માટે કર્યું છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી મારા શરીરમાં થતી તકલીફથી પીડાઇ રહ્યો છુ પરંતુ હવે મારાથી આ દુખાવો સહન થતો નથી જેથી હુ આપઘાત કરી રહ્યો છુ. સ્યુસાઇડ નોટ કબજે કરીને યુવકની લાશને પીએમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### શ્રેય ડાભીએ એકવાર ઓપરેશન કરાવ્યું છતાં રાહત થઇ નહી

શ્રેય ડાભીને પેનક્રીઝમાં અસહ્ય દુખાવો થતો હતો, જેના કારણે તેના ઘણીવાર યુરિન કરવામાં પણ ઘણી મુશ્કેલી પડતી હતી. ત્યારે આ તકલીફના કારણે તેના માતા પિતા દ્વારા યુવકનું એકવાર ઓપરેશન પણ કરાવ્યું હતું પરંતુ તેને દુખાવામાં કોઇ રાહત થતી ન હતી. ઘણા સમયથી થતો દુખાવો સહન નહી થતા આંખરે અંતિમ પગલુ ભરવાનો નિર્ણય કર્યો હતો.

### જિલ્લા શિક્ષણ અધિકારીને રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા પત્ર મારફતે જણાવાયું

# મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-CGMSની 12 એપ્રિલે લેવાશે

**વહીવટી** પ્રક્રિયા પૂર્ણ કરવાની અનિવાર્ય હોવાથી પરીક્ષાની તારીખ બદલાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા સંદર્ભ-1ના જાહેરનામાથી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા 2025 તા.29 માર્ચના શનિવારના રોજ રાજયના તમામ જિલ્લાઓના પરીક્ષા કેન્દ્રો 2553 પર યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાના મેરીટના આધારે કુલ-74 આર્દશ નિવાસી શાળાઓમાં ધોરણ-9માં પ્રવેશ આપવાનો નિર્ણય સંદર્ભ-2ના પત્રથી તા.21 માર્ચના રોજ લેવાયેલ છે. આ નિર્ણયને ધ્યાને લેતા તેને સંલગ્ન પરીક્ષા સાથે જોડાયેલ કેટલીક વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય છે. સદર પરિસ્થિતિને ધ્યાને લેતા મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવે છે. હવે આ પરીક્ષા તા.29 માર્ચના બદલે તા.12 એપ્રિલના રોજ લેવામાં આવશે. પરીક્ષાની તારીખમાં જ ફેરફાર કરવામાં આવેલ છે. પરીક્ષા કેન્દ્રો, વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા, હોલ ટિકિટ અને અન્ય તમામ વ્યવસ્થા યથાવત રાખવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ દ્વારા અગાઉ ફોર્મ ભરવામાં આવ્યા છે, તે વિદ્યાર્થીઓના ફોર્મ ફરી ભરવાના રહેશે નહિ. માત્ર આર્દશ નિવાસી શાળાઓમાં ધોરણ-9માં પ્રવેશ પણ આ મેરીટના આધારે ફાળવવાને કારણે કોઈ વિદ્યાર્થી અગાઉ ફોર્મ ભરેલ નથી અને આના કારણે આ ફોર્મ ભરવા ઈચ્છે છે તે તા.27 માર્ચ થી તા.7 એપ્રિલ સુધી ફોર્મ ભરી શકશે. હાલ તમામ ઝોનલ સ્ટાફ અને પરીક્ષા કેન્દ્રોને સદર પરીક્ષાની તારીખમાં થયેલ ફેરફારની માહિતી સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવા જિલ્લા શિક્ષણ અધિકારીને જણાવાયું છે.

### એક વખત ચાર્જીંગ કર્યા બાદ 7 થી 8 કલાક એ.સી.હેલ્મેટ ઠંડક આપે છે

# અંગ દઝાડતી ગરમીથી રક્ષણ મેળવવા ટ્રાફિક પોલીસ જવાનોને એ.સી. હેલ્મેટ અપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

હાલમાં કાળઝાળ ગરમી સાથે જ હિટવેવ વચ્ચે શહેરમાં સતત ખડેપગે રહી ટ્રાફિક નિયમન સંભાળતા ટ્રાફિક પોલીસ અને કર્મીઓ ને એ.સી. હેલ્મેટ આપવામાં આવ્યા છે 500 જેટલા એ.સી.હેલ્મેટ સાથે કાળઝાળ ગરમી વચ્ચે શહેર ટ્રાફિક ના જવાનો પોતાની ફરજ બજાવશે.



રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષે ટ્રાફિક પોલીસ ને આકરી ગરમી વચ્ચે રક્ષણ મળી શકે તે માટે 500જેટલા એ.સી. હેલ્મેટ આપવામાં આવ્યા હતા. શહેરમાં ટ્રાફિક નું સુચારૂ સંચાલન થાય તે માટે ઠંડી વરસાદ કે પછી આકરી ગરમી વચ્ચે સતત ખડેપગે રહી ટ્રાફિક પોલીસ તથા ટીઆરબીના જવાનો ફરજ બજાવે છે. છેલ્લા ત્રણેક દિવસથી ગરમીનો પારો 40 ડિગ્રી ઉપર પહોંચી ગયો છે.ગતરોજ વડોદરા શહેરમાં મહત્તમ તાપમાન 40.6ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું બુધવારે સવારે અગિયાર વાગ્યાથી જ સૂર્ય દેવતા આકરો કહેર વર્તાવતા હોય તે રીતે ગરમીનો અનુભવ થઇ રહ્યો છે, સાથે જ હિટવેવ પણ જોવા મળી રહ્યું છે, આવનારા દિવસોમાં હજી ગરમી વધવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે, ત્યારે સતત ખડેપગે ઉભા રહી આકરી ગરમીમાં ટ્રાફિક નિયમન સંભાળતા ટ્રાફિક પોલીસ અને ટીઆરબીના જવાનોને ગરમી સામે તડકા સામે રક્ષણ મળી રહે તે માટેની શહેર પોલીસ કમિશનરની સૂચના મુજબ એ.સી.હેલ્મેટ આપવામાં આવ્યા છે.ખાસ પ્રકારથી તૈયાર કરવામાં આવેલા એ.સી.હેલ્મેટને નાના એ.સી. સિસ્ટમ સાથે તૈયાર કરવામાં આવ્યા છે એકવાર આ એ.સી.હેલ્મેટ ને ચાર્જ કર્યા બાદ સાત થી આઠ કલાક સુધી માથાના ભાગે ઠંડક આપે છે.ટ્રાફિકના જવાનો તેને જરૂર પ્રમાણે ઉપયોગ કરી રહ્યા છે ત્યારે સમગ્ર બાબતે ટ્રાફિક એસીપી ડી,આર,વ્યાસ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### દારૂ બંધી સાથે પોલીસની કામગીરીના પણ લીરેલીરા ઉડાવતો વીડિયો

# સિકલીગરો દારૂની મહેફિલ માણવા બેઠા હોય તેવો વીડિયો વાઇરલ



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાના બિન્દાસ્ત વેચાતા દારૂના કારણે ગુજરાતમાં દારૂ બંધીના તો છેદ ઉડી ગયા છે. ત્યારે વારસિયા વિસ્તારમાં સિકલીગરો દારૂની મહેફીલ માણવા ભેગા થયા હતા. ત્યારબાદ તેઓએ દારૂની બોટલ સાથે સાથેનો વીડિયો બનાવ્યો હતો. જે વીડિયો વાઇરલ થતા પોલીસદ વારા વીડિયોમાં દેખાતા શખ્સોની ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

સંસ્કારીનગરી વડોદરાના વિવિધ વિસ્તારમાં ચોરીછુપી તો કેટલાક વિસ્તારોમાં જાહેરમાં બિન્દાસ્ત રીતે દારૂનું વેચાણ થઇ રહ્યું છે. પરંતુ પોલીસ પણ તેની સામે પાંગળી સાબિત થઇ રહી છે.

ઘણા વિસ્તારોમાં એવા છે ત્યાં તો રાત્રીના સમયે દારૂડિયાઓને મેળો ભરાતો હોય છે. પરંતુ પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓને આ મેળો કેમ દેખાતો નથી ? ત્યારે વડોદરામાં સિકલીગરો ભેગા મળીને દારૂની બોટલો લાવ્યા હતા અને ઘરમાં બિન્દાસ્તી રીતે મુકીને દારૂની મહેફીલ માણવા બેઠા હતા ત્યારે પાર્ટી પહેલા સિકલીગરોએ જાણે અહિયા દારૂની છુટી હોય તેમ બેખૌફ દારૂની બોટલ સાથેનો વિડીયો બનાવ્યો હતો. જે વિડીયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો છે. જેથી વારસીયા પોલીસ દ્વારા વીડિયોના આધારે મહેફીલ માણવા બેઠેલા સિકલીગરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. દારૂડિયા સિકલીગરો એક બાળકના હાથમાં બોટલ પકડાવીને હમ તો મજા લે રહે હે તુભી મજા લે તેમ કહી તેના હાથમાં દારૂની બોટલ પકડાવી દેતા હોય વિડિયો જાવા મળી રહ્યું છે.

### પીસીબીએ અલકાપુરી વિસ્તારમાં કારમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

xવડોદરા શહેરમાં કેટલીક જગ્યા પર પોલીસ સ્ટેશનની ચોકીથી મીટરના અંતરમાં દારૂ વેચાઇ રહ્યો છે તેમ છતાં અધિકારીઓને દેખાતુ નથી. દરમિયાન પીસીબી પોલીસની ટીમે બાતમી મળી હતી કે અલકાપુરી મિલનકુજ ક્લબ હાઉના કમ્પાઉન્ડ દિવાલ પાસે પાર્ક કરેલી કારમાં વિદેશી દારૂ સંતાડી રાખ્યો છે. જેથી પીસીબીની ટીમે સ્થળ પર પહોચીને કારમાં તપાસ કરતા રૂ. 42 હજારનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જોકે કોઇ કારમાં હાજર મળ્યુ ન હતું. જેથી પીસીબીએ કાર અને દારૂ મળી રૂ. 3.42 લાખનો મુદ્દામાલ કબજે કરી સયાજીગંજ પોલીસને સોંપવામા આવ્યો છે.